


**President**
SUSHIL WANI
M : 9821076737

**Secretary**
ANIL DESAI
M : 9819873017

**Jt. Secretary**
DHAVAL SHAH
M : 9920034180

**Treasurer**
DEEPAK SHAH
M : 9820446654

PRADEEP SHAH
M : 9892007790

**Committee Members**
LALIT SHAH
M : 9324375531

INDRAJEET WANI
M : 9769253413

ALKABEN WANI
M : 9870405621

MANGALABEN DESAI
M : 9767283828

DHIREN WANI
M : 9619196799

HEENABEN SHAH
M : 9833884236

MANMIT DESAI
M : 9930926682

SHILPA DESAI
C : 8425816168


# *Shree Dasa Porwad Vaishnav Samaj (Nandurbar), Mumbai*



**MUMBAI**


**Regd. Office :**
C/o. Mr. Deepak G. Shah, JiwadayaNetraprabhaKaryalaya,
JiwadayaBuilding, Plaza PanchshilEstate,Gamdevi Road, Mumbai - 400 007
Tel. : 23671274 / 75 • Email : info@ndbdasaporwad.in • URL : www.ndbdasaporwad.in
(Regd. No. : F/17285 under Bombay Public Trust Act 1950)


તા. : ૦૪.૦૭.૨૦૧૯

## ૨૪મી વાર્ષિક સામાન્ય સભાની નોટિસ

**આદરણીય સભ્યજન,**

**આપ સર્વેને સહર્ષ જણાવવાનું કે આપણા શ્રી દશા પોરવાડ વૈષ્ણવ સમાજ (નંદરબાર), મુંબઇની ૨૪મી વાર્ષિક સામાન્ય સભા રવિવાર તારીખ ૨૧ જુલાઇ ૨૦૧૯ના રોજ સવારે ૧૦:૩૦ થી ૧:૦૦ વાગે માટુંગા મિત્ર મંડળ (રજિ.), એફ ૪, કર્નાટક કો. ઓપ. હૌ. સો., મોગલ લેન (માટુંગા રોડ રેલ્વે સ્ટેશન-વેસ્ટના બાજુમાં), માહિમ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૧૬ ખાતે નીચે જણાવેલા કામકાજ માટે રાખવામાં આવેલી છે.**

૧) ગત વર્ષની વાર્ષિક સામાન્ય સભાની મિનીટ્સનું વાચન અને મંજુરી.
૨) ગત વર્ષની પ્રવૃત્તીઓના અહેવાલની રજુઆત.
૩) સન ૨૦૧૮-૨૦૧૯ ના ઓડીટ થયેલ સરવૈયા તથા આવક ખર્ચ ખાતાની મંજુરી માટે રજુઆત.
૪) સન ૨૦૧૯-૨૦૨૦ માટે ઓડીટરની નિમણુંક અને તેમનું વેતન નક્કી કરવા બાબત.
૫) પ્રમુખશ્રીની રજાથી અન્ય વિષયો માટે જે કાંઇ રજુઆત કરવી હોય તે બાબત.

**નોંધ :**

૧) કોરમના અભાવે મીટીંગ મુલતવી રાખવામાં આવશે તો આ મિટીંગ તેજ સ્થળે અડધા કલાક બાદ ફરી મળશે. હાજર રહેલા સભ્યો કામકાજ કરશે અને તેઓના નિર્ણય સહુને બંધનકર્તા રહેશે.
૨) મંડળની ૨૪ મી સામાન્ય સભાની નોટીસ વાર્ષિક અહેવાલ, સરવૈયા તથા આવકખર્ચની નકલ ઇમેલ-વૉટ્સઅપ દ્વારા મોકલવામાં આવ્યા છે. કોઇ

કારણસર જે સદસ્યોને આ પરિપત્ર મેઇલ કે વૉટ્સઅપ દ્વારા મળ્યું છે એમને ખાસ નમ્ર વિનંતી કે એવા સદસ્યો કે જેમને આ પરિપત્ર મળ્યું નથી તેમને આ પરિપત્ર મેઇલ કે વૉટ્સઅપ દ્વારા જાણ કરે અથવા તો તેમનો મેઇલ આઇડી કે વૉટ્સઅપ નંબર લઇ સમાજના કાર્યકર્તાઓને પહોંચાડે.

૩) હિસાબ બાબત જેમણે જાણકારી મેળવવી હોય તેમણે વાર્ષિક સામાન્ય સભાના ૭ દિવસ પહેલા માનદમંત્રીને લેખિત જાણ કરવી, જેથી સંતોષકારક જવાબ આપી શકાય.

૪) સુખદુ:ખ ના સમાચારની જાણ સમિતી ના કોઇપણ સભ્યને કરવા વિનંતી.

૫) જેમના સરનામાં, ટેલીફોન નંબર, મોબાઇલ નંબર તથા ઇ-મેલ આઇડીમાં ફેરફાર થયા હોય તેમણે કમિટીના કોઇપણ સદસ્યને લેખિતમાં જાણ કરવા વિનંતી.

૬) ભુલચૂક હોય તો સુધારી વાંચવા વિનંતી.

**૨૪મો વાર્ષિક અહેવાલ :**

દર વર્ષની જેમ, વિતેલા વર્ષના કામકાજનો અહેવાલ આપની સમક્ષ રજૂ કરતા અમો આનંદની લાગણી અનુભવીએ છીએ. અહેવાલ નીચે પ્રમાણે છે.

આ વાર્ષિક સાધારણ સભા (Annual General Meeting) નો પરિપત્ર (Circular) જેમના ઇ મેલ આઇડી ઉપલબ્ધ છે તેમને મોકલવામાં આવ્યો છે. સમાજના મુંબઇ ગ્રુપ પર પણ આ પરિપત્ર પોસ્ટ કવામાં આવ્યું છે. સભ્યોના મેલ આઇડી સંબંધિત ડેટાબેઝને અપડેટ કરવા સતત પ્રયત્નો કરી રહ્યા છીએ. તો આ માટે તમારો સાથ સહકાર હોવો ખૂબ જ જરૂરી છે.

**વાર્ષિક સર્વસાધારણ સભા :**

૧) ગયા વખતની ૨૩મી એજીએમ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ સરોવર રેસ્ટોન્ટ, કાંદિવલી (વેસ્ટ) ખાતે યોજાઇ હતી. તેમાં ૯ કમિટી મેમ્બર અને ૧૫ સમાજના સભ્યો હાજરી આપી હતી.

૧) નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ૯ વખત મિટીંગ યોજાઇ હતી. અમે મિટીંગ માટે કમીટિ સભ્યોના નિવાસસ્થાન પર જ મળ્યા હતા. ૧૮ નવેમ્બર, ૨૦૧૮ ના રોજ અમે શ્રી ચેતનભાઇ પોપટલાલ શાહની ઑફિસ - અંધેરી (ઇ)માં વેન્ચર્સ હાઉસ ખાતે મળ્યા હતા. ઉત્તમ સુવિધાઓ તથા આતિથ્ય પ્રદાન કરવા બદલ મેનેજીંગ કમિટી જેમના નિવાસ પર મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું એવા તમામ કમિટી મેમ્બર તથા શ્રી ચેતનભાઈના ખૂબ ખૂબ આભારી છે.

**મહાપ્રભુજીનો પ્રાકટ્યોત્સવ :**

૧) પ. પુ. શ્રી મહાપ્રભુજી પ્રાગટ્યોત્સવ ૧૫ મી એપ્રિલ, ૨૦૧૮ ના રોજ રવિવારે સવારે ૧૦:૦૦ થી બપોરે ૨.૦૦ વાગ્યે થટાઈ ભાટિયા હોલ, કાંદિવલી (વેસ્ટ) ખાતે યોજાયો હતો. વિગતવાર પરિપત્ર ૧૦ માર્ચ ૨૦૧૮ ના રોજ કુરિયર દ્વારા પોસ્ટ કવામાં આવ્યું હતું. ૨૬૬ સમાજ વૈષ્ણવોએ ભાગ લીધો અને આ પ્રસંગ આધ્યાત્મિક રીતે યાદગાર બન્યો.

૨) સમાજના ૨૩ સભ્યોએ ઉદારતાથી દરેકે રૂ. ૫૦૦૦/- થી લઇને વધુ રકકમનો ફાળો આપ્યો. અને અન્ય ઘણા લોકોએ ઉત્સવની સફળતા માટે પણ દાન કર્યું.

૩) ઇવેન્ટના ફોટોગ્રાફ્સ સમાજ વેબસાઇટ **www.ndbdasaporwad.in** પર ઉપલબ્ધ છે.

### વાર્ષિક સ્નેહ સમ્મેલન :

૨૫મી નવેમ્બરે ૨૦૧૮ના રોજ થટાઈ ભાટિયા હોલ, કાંદિવલી (વે) રવિવાર સવારે ૯:૦૦ થી સાંજે ૩.૦૦ સુધી ઉત્સાહ અને આનંદ સાથે ઉજવણી કરવામાં આવી હતી. ૨૨ ઓક્ટોબર, ૨૦૧૮ ના રોજ પરિપત્ર દ્વારા વિગતો પોસ્ટ કરવામાં આવી હતી. આ સમાજ સભ્યોને મોકલવામાં આવેલ છેલ્લું મુદ્રિત પરિપત્ર હતું. ઘણા સભ્યોએ ગો ગ્રીન અભિગમની પસંદગી કરી હોવાથી, સભ્યોને ભાવિ કાર્યક્રમની માહિતીઓ ઇ-મેલ, વોટ્સઅપ અથવા એસએમએસ દ્વારા કરવામાં આવશે. આ ઇવેન્ટ માટે જારી કરાયેલા પરિપત્રના ૪ થા પાના પર આનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ૨૩૧ સમાજના સભ્યોએ આ કાર્યનો આનંદ માણ્યો.

સમાજના ૧૮ સભ્યોએ દરેકે રૂ. ૫૦૦૦/- અથવા વધારે રક્કમ ઉપરાંત અન્ય ઘણા લોકોએ સમાજ વાર્ષિક સ્નેહ સંમેલન સફળતા માટે પણ દાન કર્યું હતું.

સમાજ સભ્યોને નમ્ર વિનંતી કે સમાજની વેબસાઇટની www.ndbdasaporwad.in ની મુલાકાત લો અને અમને સુધારણા માટે તમારો પ્રતિસાદ પ્રદાન કરો.

### આરોગ્ય વીમા વિષે :

સમાજના છેલ્લા ૨ કાર્યક્રમથી જે આરોગ્ય વીમા વિશે ચર્ચા થઇ રહી છે તે પ્રમાણે ઓગસ્ટથી સમાજના જરૂરિયાતમંદ સભ્યો માટે આરોગ્ય વીમા માટે આગળ વધવાનું નક્કી કરવામાં આવ્યુ છે. આ યોજના નીચે પ્રમાણે હશે ...

૧) જેમની વાર્ષિક પારિવારિક આવક ૩ લાખથી ઓછી હોય એવા તમામ સભ્યો માટે આ યોજના ઉપલબ્ધ હશે. તે સભ્યોને કેશલેસની સુવિધા પણ પ્રદાન કરવામાં આવશે.

૨) પ્રાથમિક પ્રિમીયમનો ખર્ચ સભ્યો દ્વારા કરવામાં આવશે અને સમાજ દ્વારા પોલિસી ઇશ્યૂના ૧૫ દિવસની અંદર ૫૦ ટક્કા વળતર આપવામાં આવશે.

૩) આ આયોજન ૩ વર્ષ સુધી ચાલશે અને તે પછી સમાજ દ્વારા તેની સમીક્ષા કરવામાં આવશે અને ભવિષ્યમાં આગળની કાર્યવાહીનો નિર્ણય લેવામા આવશે.

૪) સમાજના સભ્યોની સામે એજીએમમાં મંજૂરી માટે ઉપરોક્ત દરખાસ્ત સુપરત કરવામાં આવશે અને સર્વે સભ્યોની મંજૂરી પછી કમિટી મેમ્બર્સ દ્વારા તેનો અમલ કરવામાં આવશે.

### સમાજ સેવા ફંડ :

સમાજ સેવા ભંડોળ નો સંગ્રહ એપ્રિલ ૨૦૧૯થી શરૂ થયો છે. એકત્રિત ભંડોળની વિગતો અને સમાજ કલ્યાણ યોજનાઓ માટેનો ઉપયોગ ૨૫મી એજીએમ દરમિયાન રજૂ કરવામાં આવશે.

### અનુદાન :

સમાજના વધુ લોકોને સંસ્થા મદદરૂપ થઇ શકે, તે માટે વધુમાં વધુ સભ્ય, સમાજમાં પોતાનું અનુદાન આપી આવકવેરાની કલમ ૮૦-જી હેઠળ સર્ટીફીકેટનો લાભ લેવા વિનંતી.

**આભાર :**

**આપણાં સમાજના ઘણા લોકો સમાજને લગતી ઘણી બધી પ્રવૃત્તિઓમાં તન, મન અને ધનથી બનતી સેવા કરે છે તે માટે સમાજ એમનો આભારી છે. અનુદાન બાબતમાં પણ લોકોએ ઘણો સહકાર આપ્યો છે અને આપી રહ્યા છે તે બદલ સમાજ તેમનો પણ આભારી છે.**



## આપના દર્શનાભિલાષી

| અનિલ દેસાઇ | ધવલ શાહ | દિપક શાહ | પ્રદિપ શાહ |
|---|---|---|---|
| સેક્રેટરી | ઉપસેક્રેટરી | ખજાનચી | ખજાનચી |